## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મેં આખી જિંદગી કાયદા શાખામાં નોકરી કરી છે... કાયદાને માન રાખીને છોકરાને કીધુ પતંગને પણ માસ્ક લગાડીને જ ઊડાડવાનો...!!

# ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ બેંક પ્રાંતિયા શાખામાં ચોરીનો પ્રયાસ

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા નજીક આવેલા પ્રાંતિયા ગામે ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ બેંકની શાખાનું તાળુ તોડી અંદર પ્રવેશી ચોરીનો પ્રયાસ થયો છે. બેંકમાં રહેલી ડોક્યુમેન્ટની બે તિજોરી ખોલી નાંખેલી હતી. જયારે બેંકમાં રહેલી કેશ તિજોરી યથાવત સ્થિતિમાં હતી. જયારે ચોર શખ્સોએ બેંકનું બાજુમાં આવેલ મકાનનું પણ તાળુ તોડી ચોરીનો પ્રયાસ કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે બેંક મેનેજરે ફરીયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નરોડા ભાગ્યોદય સોસાયટી એ-સી-૩૦ ખાતે રહેતા કંચનબેન રામાભાઈ પટેલ (ઉ.૪૯) પરિવાર સાથે રહે છે અને ધી અમદાવાદ ડીસ્ટ્રીક બેંક પ્રાંતિયા શાખામાં દોઢ વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૧૨ ના રોજ સાંજના સવા પાંચ વાગે બેંક બંધ કરી બેંક મેનેજર ઘરે ગયા હતા. ત્યારબાદ વહેલી સવારે સવાચાર વાગે મોકેટ સિકયુરીટીમાંથી પ્રાંતિયા શાખાના બેંક મેનેજર પર ફોન આવ્યો હતો અને જાણ કરી હતી કે પ્રાંતિયા બેંકમાં સાયરન વાગે છે. જેથી તપાસ કરવા બેંકના પ્યુન જીતેન્દ્રભાઈ ઠાકોરને ફોન કરી જાણ કરી હતી. જેને પગલે જીતેન્દ્રભાઈએ બેંકની નજીકમાં રહેતા તેમના પરિચિત જવાનજી છનાજી ઠાકોરને બેંકમાં સાયરન વાગે છે તેની તપાસ કરવા માટે કહ્યું હતું. જેથી જવાનજીએ બેંકની પાસે જઈ તપાસ કરતા તાળા તુટેલા હોવાથી જીતેન્દ્રભાઈને જાણ કરતા તાત્કાલીક બેંક મેનેજર અને પ્યુન પ્રાંતિયા ખાતે આવી પહોંચ્યા હતા અને આવીને જોયુ તો વરંડાના ઝાપાનું તાળુ તેમજ બેંકના મુખ્ય દરવાજાને જાળી લાગેલી હતી તેનું તાળુ પણ તુટેલુ હતું. જયારે શટરનો નીચેનો ભાગ કાપી નાંખેલો હતો. જયારે અંદરની જાળીનો નકુચો તોડી નાંખેલો હતો. તે ઉપરાંત કાચનો દરવાજો ખોલી નાંખેલ હતો. બેંકની ડોક્યુમેન્ટની બે તિજોરી ખોલી નાંખી હતી. બેંકની કેશ તિજોરી જે તે પરિસ્થિતિમાં હતી. બેંકમાં અંદર નજર કરતા કોઈ રકમની ચોરી થઈ હોવાનું જણાઈ આવ્યું ન હતું. પરંતુ બેંકમાં ચોરી કરવાનો પ્રયાસ થયો હતો. જયારે બેંકની નજીકમાં આવેલા મુળજીભાઈ રામાભાઈ પટેલના મકાનનું પણ તાળુ તુટેલ હોવાનુ ધ્યાને આવ્યું છે. બનાવ અંગે બેંક મેનેજરની ફરીયાદ નોંધી ડભોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- પતંગમાં ૪૦ ટકા અને ફિરકીમાં ૨૫ ટકા ભાવ-વધારાને પગલે પતંગબજારમાં ઓછી ઘરાકી રહી હોવાની વાતો છે.
- ઉત્તરાયણને લઈ કચરિયુ તેમજ વસાણાની ખરીદી માટે આજે દુકાનોમાં થોડીક ભીડ જોવા મળી હતી.
- આજે શહેરમાં ટ્રાફિકનું ભારણ ઓછુ હતુ.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટ બંધ રહેવાની ફરિયાદો વધી છે.
- રાજ્ય સરકારે ૧૫મી જાન્યુ.ના રોજ આવશ્યક સેવા સિવાયની કચેરીઓમાં રજા જાહેર કરી છે.
- વિવિધ સેવાકાર્યો થકી ડે. મેયર પ્રેમલસિંહ ગોલે આજે તેમના જન્મ દિવસની ઉજવણી કરી હતી.
- જિલ્લામાં ઘાયલ પશુ-પંખીઓની સારવાર માટે કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે.
- ઉત્તરાયણ પર્વને લઈ આજે ઘણી બધી કચેરીઓ બપોર પછી ખાલીખમ જણાતી હતી.

## જેલમાંથી જામીન પર ફરાર થયેલ કેદી બોપલથી ઝડપાયો

અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલ અને વચગાળાના જામીન પર ફરાર થયેલ કેદીને ગાંધીનગર એલસીબી-૨ પોલીસે બોપલથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓ તેમજ પેરોલ-ફર્લો રજા ઉપરથી જમ્પ થયેલ અને વચગાળાના જામીન પરથી ફરાર થયેલા કેદીઓને પકડી પાડી પરિણામલક્ષી કામગીરી કરવા માટે જિલ્લા પોલીસ વડાએ સુચના આપી હતી. જેને પગલે એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા તેમજ સ્ટાફના કર્મચારીઓ આ દિશામાં કાર્યરત હતા. તે સમયે એએસઆઈ દિલિપસિંહ અને કિરીટકુમારને સંયુકત બતામી મળી હતી કે ભરણપોષણના ગુનામાં અમદાવાદ સાબરમતિ મધ્યસ્થ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલા કેદી મુકેશજી માધુજી ઠાકોર (કોઠીવાળી ચાલી, બરોડા બેંક સામે કલોલ તા.કલોલ જી. ગાંધીનગર) અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતેથી વચગાળાના જામીન ઉપર છુટ્યા હતા. પરંતુ મુદત અંદર પરત જેલ ખાતે હાજર થયા ન હતા.



સેક્ટર-૬ પતંગ બજારમાં છેલ્લી ઘડીની ઘરાકી ખુલી હતી. ઉત્તરાયણ પર્વની ઉજવણી આપણે ત્યાં ખુબ જ ઉલ્લાસપૂર્વક કરવામાં આવે છે. આ વર્ષે પુનઃ કોરોનાના કેસો ખુબ વધ્યા હોવા છતાં ઉત્તરાયણનો ઉત્સાહ જળવાઈ રહ્યો છે. દોરી રંગાવવા અને પતંગો ખરીદવા માટે મોડી રાત સુધી બજારોમાં લોકો ઉમટ્યા હતા.

## પેથાપુર એકટીવા ચોરીનો ભેદ એલસીબી પોલીસે ઉકેલી નાંખ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા સ્ટાફના કર્મચારીઓ સાથે પેટ્રોલીંગમા હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ રાકેશસિંહ મુકેશસિંહ તેમજ પોલીસ કોન્સ્ટેબલ જયદિપસિંહ સહેન્દ્રસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી. જેને પગલે જીઈબી ફાટક પાસેથી સફેદ કલરના હોન્ડા એકટીવા નં. જી.જે.૧૮.સી.એસ.-૦૫૦૩ સાથે એક શખ્સ શુભમ દિપકભાઈ શ્રીમાળી (રહે.ભાટ) ને પકડી પાડ્યો હતો. પોલીસે રૂ.૨૦ હજારનું એકટીવા કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## પ્રાઈવેટ કલીનીકના ડોકટર્સ તેમજ ફ્રન્ટલાઈન મેડીકલ વર્કસ માટે કોવિડ પ્રિકોશન ડોઝનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ઈન્ડીયન મેડીકલ એસોસિએશન ગાંધીનગર તેમજ ગાંધીનગર મહાનગર પાલિકાના સંયુકત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાના પ્રાઈવેટ કલીનીકના ડોકટર્સ તેમજ ફ્રન્ટલાઈન મેડીકલ વર્કસ માટે કોવિડ પ્રિકોશન ડોઝનું આયોજન નગરપાલિકા પરિષદ ભવન સેકટર-૧૧ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાભરમાંથી ડોકટર્સ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ સેકટર-૧૧ નગરપાલિકા પરિષદ ભવન ખાતે કોવિડ પ્રિકોશન ડોઝના આયોજનમાં જિલ્લાના ખાનગી દવાખાનાના તબિબો તેમજ તેમના સ્ટાફ સહિત જે કર્મચારીને બીજી વેક્સિનના નવ માસ પુરા થયા હોય તે કર્મચારીઓએ પ્રિકોશન ડોઝનો લાભ લીધો હતો. આ પ્રસંગે ઈન્ડીયન મેડીકલ એસોસિએશનના પ્રમુખ ડો.અનિલ ચૌહાણ, ઉપપ્રમુખ ડો.કલ્પેશ પરીખ, ડો.રશ્મિન પ્રજાપતિ, ગુજરાત રાજય અર્બન હેલ્થમાંથી ડો.દિનેશ બારોટ, ડો.હરીશ ત્રિવેદી, મહાનગર પાલિકામાંથી મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડો.કલ્પેશ ગોસ્વામી, ડો.હર્ષદ રાઠોડ, ડો.હરેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગને અનુરુપ વકતવ્ય આપતા ડો. અનિલ ચૌહાણે જણાવ્યું હતું કે તમામ ખાનગી દવાખાના અને તેમાં કામ કરતા આરોગ્ય કર્મચારીઓને પ્રિકોશન વેક્સિન ડોઝ આપવા બદલ સરકારનો આભાર વ્યકત કર્યો હતો. જયારે વેકિસન લેવી એક ભારતના દરેક નાગરીકની પવિત્ર ફરજ છે, તેમ જણાવ્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમની આભાર વિધી ડો.બંકિમ મોદીએ કરી હતી.




## ટુંકી જાહેર નિવિદા નં. ૫ સને ૨૦૨૧-૨૨

નાયબ કાર્યપાલક ઈજનેર ગાંધીનગર જિલ્લા પેટા વિભાગ, ગાંધીનગર પા.યો. ભવન, સેક્ટર-૧૬, બીજો માળ, ગાંધીનગર (ટે.નં. ૨૩૨-૫૯૨૧૫)ની કચેરીએથી ઘ-૭ થી પેથાપુર રોડ ચેનલીંગ ઝાળી ફીટ કરવી, જંગલ કટીંગ, મીડીયનની સફાઈની કામગીરીની અંદાજીત કિંમત રૂ. ૨.૮૫ લાખના ૧ કામ માટે ઈ-૨ વર્ગ અને ઉપરની શ્રેણીના અનુભવી ઈજારદારો પાસેથી સીલબંધ કોરા ટેન્ડરમાં ભાવ માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૦/૧/૨૦૨૨ના ૧૬:૦૦ કલાક સુધી તથા ભાવ ભરેલ ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૭/૧/૨૦૨૨ના ૧૮:૦૦ કલાક સુધી રાખેલ છે. શક્ય હશે તો ભરાઈને પરત મળેલ ટેન્ડર તા. ૨૮/૧/૨૦૨૨ના રોજ ૧૧.૦૦ કલાકે ઈજારદારશ્રીના હાજરીમાં ખોલવામાં આવશે. આ કામની વિગતવાર નિવિદા આ કચેરીના નિવિદા બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નિવિદા અંગેની વધુ વિગત માટે ઉપરોક્ત કચેરીના જાહેર રજા સિવાયના દિવસોમાં ઓફીસના સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે.

આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેનો હક્ક ખાતા પાસે અબાધિત રહેશે. જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહી.

માહિતી/૧૯૮૦/૨૧-૨૨

